DATE - 23-01-2025

DIVYA BHASKAR, PAGE-2, SURAT

### જાહેર સાહસ સમિતિની ટીમ સુરતની મુલાકાતે

# વિધાનસભાની કમિટીએ મેટ્રો સ્ટેશન, ટનલનું નિરીક્ષણ કર્યું

## પાલિકાના ICCCની પણ મુલાકાત લીધી

**સિટી રિપોર્ટર | સુરત**

ગુજરાત વિધાનસભાની જાહેર સાહસ સમિતિએ સુરત મેટ્રો ટ્રેન પ્રોજેક્ટના વિવિધ સ્થળો અને સંકલિત નિયંત્રણ અને કમાન્ડ સેન્ટરની મુલાકાત લીધી હતી. સમિતિના અધ્યક્ષ ધારાસભ્ય ગણપત વસાવાના નેતૃત્વમાં સમિતિના સભ્યો ધારાસભ્યો જીતુ ચૌધરી, પૂર્ણેશ મોદી, મહેશ કસવાલા, પ્રવીણ ઘોઘારીએ ખાજોદમાં નિર્માણાધીન ડ્રીમ સિટી મેટ્રો સ્ટેશન, ચોક બજાર, લાંબી હનુમાન રોડની મેટ્રો ટનલના કામનું નિરીક્ષણ કર્યું હતું. કમિટીએ ડ્રીમ સિટીમાં મેટ્રોના એડમિન બિલ્ડિંગ, મેટ્રો ભવન, સ્ટેબલિંગ શેડ, વર્કશોપ શેડ, યાર્ડ વિસ્તાર, ડેપો સ્ટોર અને ઈન્સ્પેક્શન બે એરિયા વિશે માહિતી લીધી હતી. તેવી જ રીતે લાભેશ્વર ચોક, લાંબા હનુમાન રોડ ખાતે નિર્માણાધીન મેટ્રો ટનલના કામનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. સમિતિના સભ્યોએ ICCC (ઈન્ટિગ્રેટેડ કંટ્રોલ એન્ડ કમાન્ડ સેન્ટર) ખાતે ઈમરજન્સી રિસ્પોન્સ અને મેનેજમેન્ટ સહિતની વાસ્તવિક સમયની દેખરેખની કામગીરી પણ જોઈ. મેટ્રો ડિરેક્ટર (પ્રોજેક્ટ અને પ્લાનિંગ) આનંદ સિંહ બિષ્ટ અને મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર શાલિની અગ્રવાલે સમિતિને જરૂરી માહિતી આપી હતી.